તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૬ — ૮ માર્ચ, ૨૦૧૬, મંગળવાર ; મહા વદ - ૧૪ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## લોન ડિફોલ્ટ કેસમાં વિજય માલ્યા સામે ઈડી દ્વારા આખરે કેસ દાખલ



**આઈડીબીઆઈ પાસેથી ૯૦૦ કરોડથી વધુની લોન ડિફોલ્ટનો કેસ : ટૂંક સમયમાં જ પુછપરછ કરવામાં આવે તેવી પણ સંભાવના : પીએમએલએ હેઠળ કેસ દાખલ કરાયા બાદ સકંજો**

નવીદિલ્હી,તા. ૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા આઈડીબીઆઈ બેંક પાસેથી ૯૦૦ કરોડથી વધુની લોનના ડિફોલ્ટના સંબંધમાં મનિ લોન્ડરિંગ અટકાયત એક્ટ (જીએમએલએ) હેઠળ વિજય માલ્યા સામે કેસ દાખલ કર્યો છે. આની સાથે જ વિજય માલ્યાની તકલીફમાં વધારો થઈ ગયો છે. વિજય માલ્યા આગામી દિવસોમાં કાયદાકીય ગૂંચવણનો સામનો કરે તેવી શક્યતા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તાજેતરમાંજ આ કેસમાં સીબીઆઈ દ્વારા ગયા વર્ષે નોંધવામાં આવેલી એફઆઈઆરના આધાર પર આરોપો મુક્યા હતા. ટૂંક સમયમાં જ ઈડી દ્વારા વિજય માલ્યાની પુછપરછ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સીબીઆઈએ કિંગફિશર એરલાઈન્સના ડિરેક્ટર માલ્યા, એરલાઈનના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર એ રઘુનાથન અને આઈડીબીઆઈ બેંકના વણઓળખાયેલા અધિકારીઓ સામે કેસ દાખલ કર્યો હતો અને એવો આક્ષેપ કર્યો હતો કે, ક્રેડિટ લિમિટના સંદર્ભમાં નક્કી કરવામાં આવેલા

● અનુસંધાન પાન-૫ પર

## અક્ષરધામ, ગાંધી આશ્રમ ખાતે કમાન્ડો તૈનાત

**રાજ્યના તમામ વિસ્તારોમાં સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ જારી : મુખ્ય રસ્તાઓ ઉપર શકમંદ લોકોની પુછપરછ પણ જારી : ટોચના પોલીસ અધિકારી વચ્ચે બેઠકોનો દોર : સિવિલમાં તકેદારીના તમામ પગલા લેવાયા**

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં આતંકવાદી હુમલાને લઈને એલર્ટ મળ્યા બાદથી તમામ જગ્યાઓએ સુરક્ષા વધારવામાં આવી છે. અગાઉ ત્રાસવાદી હુમલાનો શિકાર થઈ ચુકેલી સિવિલ હોસ્પિટલ, અક્ષરધામ મંદિર ખાતે પણ સુરક્ષા વધારવામાં આવી છે. આ ઉપરાંત ગાંધી આશ્રમ અને અન્યત્ર જગ્યા પર સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરાઈ છે. આજે સતત ત્રીજા દિવસે પણ પોલીસે વાહનોની ચકાસણી જારી રાખવામાં આવી હતી. પેટ્રોલિંગની પ્રવૃત્તિ પણ યથાવતરીતે જારી રહી છે. રેલવે સ્ટેશન, માર્કેટ, ધાર્મિક સ્થળ, ગાંધી આશ્રમ ખાતે સશસ્ત્ર જવાનો અને ચેતક કમાન્ડો ગોઠવી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં ૧૦ આંતકીઓના ઘૂસણખોણીના આઈબીના ઈનપુટના આધઆરે સમગ્ર રાજયમાં હાઈ એલર્ટ આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી આનંદીબેનના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગૃહ સચીવ ડીજીપી પી સી ઠાકુર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિસ્તૃત કરવામાં આવી હતી. જોકે, આઈબીના હાઈ એલર્ટ બાદ સમગ્ર રાજયમાં સઘન સુરક્ષા બંદોબસ્ત કરવામાં આવી છે. રાજયના તમામ મહત્વના સ્થળો પર રાત્રી દરમીયાન સઘન ચેંકીંગ કરવામાં આવ્યું રહ્યું છે. મંદીરો, એરપોર્ટ, રેલ્વે સ્ટેશનો તેમજ હોસ્પિટલોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત નેશનલ સિક્યુરીટી ગાર્ડના

● અનુસંધાન પાન-૫ પર







(તસવીર : કશ્યપ નિમાવત)

મહાશિવરાત્રીનો મેળો - પંચદેવ મંદિરના પ્રાંગણમાં મહાશિવરાત્રીનો મેળો ભરાય છે... ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામીણ વિસ્તારના ભાવિકો મોટી સંખ્યામાં દર્શને ઉમટે છે... પરંપરાગત મેળાનો માહોલ આપણા સાંસ્કૃતિક વારસાને યાદ કરાવે છે... મેળો એટલે માનવીનું મન છલકી ઉઠે... ઉલ્લાસ ઉભરાય અને આનંદ આંખમાં વર્તાય એનું નામ મેળો... આપણી ગ્રામીણ સંસ્કૃતિમાં મેળાનો મહિમા અનોખો છે....

**આતંકી હૂમલાની દહેશતને પગલે**

## શહેરના પરંપરાગત મેળામાં પોલીસની માઈક્રો વૉચ રહી

**ગાંધીનગરમાં પંચદેવ મંદિર અને ધોળેશ્વર મંદિર ખાતે યોજાયેલા મેળામાં પોલીસે સઘન ચેકીંગ કર્યુ : કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા હાશકારો**

ગાંધીનગર, તા. ૭

આઈ.બી.એ ગુજરાતમાં આતંકી હૂમલાની દહેશતના આપેલા ઈનપુટને પગલે જ્યાં માનવ મહેરામણ વધુ એકઠુ થાય છે તેવા પરંપરાગત લોકમેળાઓમાં પોલીસનું ખાસ ચેકીંગ રહ્યું હતું. ગાંધીનગર પોલીસે પંચદેવ મંદિર અને ધોળેશ્વર મહાદેવ મંદિર બંને સ્થળોએ યોજાયેલા



મેળામાં માઈક્રો વૉચ રાખી હતી. એન્ટ્રી લેતા તમામ વ્યક્તિને ચેકીંગ કર્યા બાદ જ મોકલવામાં આવતા હતા. પોલીસની સક્રિયતાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા રાત્રે પોલીસે રાહતનો દમ લીધો હતો.

ધાર્મિક તહેવારોમાં ગુજરાતમાં આતંકવાદીઓ આતંકી હૂમલો કરે તેવા ઈનપુટને આધારે પોલીસે માઈક્રો લેવલ પર વૉચ રાખી છે. મહાશિવરાત્રીના દિવસે ઠેર ઠેર યોજાતા લોકમેળામાં પોલીસનું ખાસ ચેકીંગ હતુ. ગાંધીનગર એલસીબી-એસઓજી તથા સ્થાનિક પોલીસ દ્વારા પંચદેવ મંદિર સે. ૨૨ ખાતે તથા ધોળેશ્વર મહાદેવ ખાતે મેળામાં સઘન ચેકીંગ રાખ્યું હતું. મેળામાં જ કંટ્રોલરૂમ બનાવી દેવામાં આવ્યો હતો અને મેળામાં આવતા તમામ વ્યક્તિઓની તપાસ કર્યા બાદ એન્ટ્રી આપવામાં આવી હતી. પોલીસે ટ્રાફીક વ્યવસ્થાને પહોંચી વળવા માટે કેટલાક માર્ગ બ્લોક પણ કરી દીધા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા આખરે પોલીસે હાંશકારો અનુભવ્યો હતો.

### મેળામાંથી આઠ પાકીટ અને ત્રણ મોબાઈલ ચોરાયા

મેળામાં પીક પોકેટર્સ પણ ઘુસી ગયા હતા અને ભીડભાડનો લાભ લઈને તક મળતા જ પાકીટ તથા મોબાઈલ જે હાથમાં આવ્યુ તે સેરવી લેતા હતા. સે. ૨૨ પંચદેવ મંદિર પાસે મેળામાંથી આઠ જેટલા વ્યક્તિઓના પાકીટ જ્યારે ત્રણના મોબાઈલ ચોરાયા હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ ધોળેશ્વર મહાદેવ પાસે મેળામાંથી શંકાસ્પદ દ્વારા મહિલાને પકડી તેની પુછપરછ કરવામાં આવી છે.

## એલર્ટના પગલે મુખ્યમંત્રીની ઉચ્ચસ્તરીય બેઠક

**રાજ્યભરમાં પુરતી તકેદારી પગલા લેવાયા છે : મુખ્યમંત્રી આનંદીબેન**

અમદાવાદ, તા.૭

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં પણ ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર જારી રહ્યો છે. મુખ્યમંત્રીએ કોઈપણ સ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવા અને ખાસ મોનિટરિંગ કરવાના આદેશો જારી કર્યા છે. બેઠકોના દોરમાં ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે. ગુજરાતમાં ૧૦ આતંકવાદી ઘૂસ્યા હોવાના એનએસએ દ્વારા સ્ટેટ આઈબીને ઈનપુર અપાયા અને કચ્છમાંથી પાકિસ્તાનની બોટ બિનવારસી મળી આવત ભારે ચકચાર મચી ગઈ છે.

પીડીપીયુમાં યોજાયેલા પદવીદાન સમારંભ બાદ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયમાં એલર્ટ અંગે પુછાયેલા એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે અમે પુરતી તકેદારી લીધી છે અને બધી વ્યવસ્થા કરી છે મને આશા છે કે રાજયમાં હવે આવા બનાવો ન બને. સિક્યુરીટી એજન્સી અને આઈબીના એલર્ટના પગલે દેશના પ્રથમ દ્વાર્દશ જ્યોતિલીંગ સોમનાથ મંદિર ખાતે ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જેમાં એનએસજીના કમાન્ડો અને એસઆરપીના જવાનો સહિત સોમનાથ મંદિર સુરક્ષા છાવણીમાં તબદીલ કરી દેવામાં આવ્યું છે.

